# પ્રવાસન કેન્દ્ર: અમરનાથ ધામ- સ્વપ્ન સૃષ્ટિ વોટર પાર્ક

મોતીભાઈ એચ. દેવું

મદદનીશ પ્રાધ્યાપક,

મ.દે.ગ્રામસેવા મહાવિદ્યાલય,

ગૂજરાત વિદ્યાપીઠ,સાદરા તા-જી –ગાંધીનગર.

**ભૌગોલિક સ્થાન:**

"અમરનાથ" ધામ ગાંધીનગર જિલ્લાના ગ્રામભારતી નજીક અમરાપુર ગામ પાસે, સાબરમતી નદીના કિનારે આવેલ આ સ્થળ ગાંધીનગર મહુડી હાઈવે પર સ્થિત છે. આ સ્થળ ભારતના યાત્રાધામ 'અમરનાથ'ની પ્રેરણા લઈ તેની પ્રતિકૃતિ સ્વરૂપ અમરનાથ ધામ બનાવેલ છે.

**અમરનાથ ધામનો પરિચય:**

સાબરમતી નદીના કિનારે ભગવાન ભોળાનાથના બરફના શિવલીંગનું અમરનાથધામ અને અદ્વિતીય બાર જ્યોર્તિલિંગોનું વિશ્વ કલ્યાણ સંસ્થા દ્વારા સર્જન કરવામાં આવ્યું છે. આ તીર્થસ્થાનની પ્રાણ પ્રતિષ્ઠા ધાર્મિક વિધિ વિધાનોની સાથે કરવામાં આવી. ૪ ઓગષ્ટ ૨૦૦૩ના રોજ અમરનાથ ધામની સ્થાપના કરવામાં આવી.

વિશ્વ કલ્યાણ સંસ્થાએ સાબરમતી નદીના કિનારાની ભૂમિમાં અમરનાથ ધામ વિકસાવવામાં આવ્યું છે. બાબા અમરનાથની ગુફા થી નીકળેલ પવિત્ર શ્વેત ભસ્મ ને અમરનાથની ગુફા જે જમ્મુ-કાશ્મીર રાજ્ય માં છે ત્યાંથી લાવી અમરનાથ ધામમાં બરફના શિવલીંગના તળિયે એટલે કે મૂળમાં ધાર્મિક વિધિવિધાન દ્વારા પ્રસ્થાપિત કરી બાબા અમરનાથ અને અમરનાથ ધામની વચ્ચે ભાવાત્મક તારતમ્યની એકતાને જીવંત રાખે છે.

અમરનાથ ધામમાં પથ્થરોની ગુફાનું નિર્માણ કરવામાં આવ્યું છે. એવા પથ્થરોનું સર્જન અને અમરનાથ ધામ જે વિવિધ પ્રકારે પથ્થરોનું કરવામાં આવેલું નિર્માણ કાર્ય આવનાર પ્રવાસીઓને આકર્ષે છે.

અમરનાથ ધામમાં બરફના ભવ્ય શિવલિંગની સાથે સાથે બાર જ્યોર્તિલિંગોનું પણ સર્જન વિશ્વ કલ્યાણ સંસ્થા દ્વારા નિર્માણ છે. ભારતમાં બાર જ્યોર્તિલિંગ વિવિધ સ્થાને આવેલા છે. બધા જ શિવલિંગોના દર્શન માટે વધુ સમય અને આર્થિક રીતે ખર્ચ પણ વધુ જોઈએ અને સાથે સાથે વિવિધ અગવડતા-સગવડતાઓનો સામનો કરવો પડતો હોય છે. વિશ્વ કલ્યાણ સંસ્થાએ એક જ સ્થાન પર બાર જ્યોર્તિલિંગોનું સ્થાપન કરી એક જ સાથે બાર બાર જ્યોર્તિલિંગના દર્શન કરાવીને ભક્તોની અનેક સમસ્યાઓનું સમાધાન થઇ જાય છે.

અમરનાથ ધામમાં બાર જયોર્તિલિંગ સર્જન કુનેહપૂર્વક કર્યું છે. પ્રત્યેક જયોર્તિલિંગના ઉદભવ અને મહત્વ તથા ઈતિહાસની જાણકારીનું કલાત્મક શૈલીમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

અમરનાથ ધામ અને બાર જયોર્તિલિંગની આસ-પાસ એક પ્રાકૃતિક વાતાવરણનુ નયનરમ્ય દૃશ્ય સૌન્દર્ય થી નિર્મિત છે. આ સંસ્થાએ ધર્મની સાથે મનોરંજન પણ મળી રહે તે માટે વિવિધ વિભાગોનું પણ અહીં નિર્માણ કરેલ છે. જેની એક ઝાંખી આ પ્રમાણે આપી શકાય.

**આનંદ નગરી** :

સાબરમતી નદીને કિનારે આનંદ નગરીનું નિર્માણ કરવામાં આવ્યું છે. કુદરતી અને મનોરંજનના વાતાવરણમાં લીલીછમ વનરાજી વચ્ચે આવેલા અમરનાથ ધામમાં નિર્મિત થયેલ આનંદ નગરી બાળકો તથા શાળા કોલેજના વિદ્યાર્થીઓ માટે પ્રવાસ કે એક દિવસીય પીકનીક માટે પ્રવાસ સ્થળ છે. આનંદ નગરીમાં બાળકો અને વિદ્યાર્થીઓ માટે એકમેકથી ચઢિયાતી રમત ધરાવતી રમણીય નગરી છે જે પ્રવાસની મજા માણવાની તક પૂરી પાડે છે.

**ભારતીય સંસ્કૃતિનું ભવ્ય હાઈટેક પ્રદર્શન-**

ભારતીય એનિમેટ્રોનિક્સ ટેકનોલોજી થી બનાવેલ પ્રદર્શન જોવા લાયક છે. તેમાં જ્યાં જ્યોર્તિલિંગમાં પ્રગટ થયેલ ભગવાન શિવના ચલચિત્ર, ગીતા-જ્ઞાન આપતા હોય તેવા ભગવાન શ્રીકૃષ્ણ અને મહિસાસુર-મર્દન કરતા ભગવતી અંબિકા ના એનીમેટ્રોનિક્સ શો અને ભારતીય સંસ્કૃતિનું દર્શન તથા વિવિધ આયનાઓથી બનેલ હાસ્ય દર્શન પ્રવાસીઓને આકર્ષે છે.

**સ્વપ્નસૃષ્ટિ વોટરપાર્ક-**

પ્રવાસી સ્વપ્નસૃષ્ટિ વોટરપાર્કમાં લાંબી વોટર-રાઈડ આનંદ પ્રાપ્ત થાય છે. એના સિવાય વોટરફોલ, બેમિસાલ પેંડયુલૂમ અને વેવ પુલ તથા એકવા-ડાન્સની સાથે સાથે વિવિધ વોટર-રાઈડસનો આનંદ મળે છે.

**સ્વપ્ન સૃષ્ટિ ઇન્ટરનેશનલ ક્લબ:**

ક્લબમાં જીમ, કસરત કરવા માટે ઇન્ડોર ગેમ્સ, જેવી કે પુલબોલ, ટેબલ ટેનીસ, કેરમ બોર્ડ, ચેસ બોર્ડ, કુઝ બોલ વગેરે. આઉટડોર ગેમ્સમાં બેડમિન્ટન, ફૂટબોલ, ક્રિકેટનો સમાવેશ થાય છે.

**થીમ વિલેઝ:**

થીમ વિલેઝ્માં ગામડાની રમતો જેવી કે ગીલીદંડો, સાંતલીયું, કઠપુતળીના શો સાંજના સમયે દર્શાવવામાં આવે છે. તથા થીમ વિલેઝમાં સ્વપ્ન ગ્રામ જે બસો વર્ષ જુનું ગામડું કેવું હતું તેની કલ્પનાના આધારે ગામડાની પ્રવૃત્તિ, ગામડામાં લોકો કેવી રીતે જમવા બેસતા તેવું ગ્રામ સ્વરૂપ બનાવી ખાટલા પર બેસીને ગુજરાતી જમવાનું તથા ગામડામાં કુવો, ફાનસ, બળદગાડું, દેશી ઘર, વડલો, વૃક્ષ સાથે હિંચકા બાંધેલ, નાનું મંદિર વગેરે બાબતોને આવરી લઇ ગ્રામ્ય સંસ્કૃતિ ઉભી કરી છે.

**રિસોર્ટ:**

રિસોર્ટમાં ખાસ કરીને લગ્ન પહેલા શુટિંગ માટે, પાર્ટી પ્લોટ, સ્નેહ મિલન કાર્યક્રમો વગેરે થતા હોય છે. તે ઉપરાંત ઝમકુડીની વાડી, ઝરણા નામના બે પાર્ટી પ્લોટ આવેલા છે. રિસોર્ટમાં વિવિધ રૂમો આવેલા છે. તેમાં સુપરીયર રૂમ, પ્રીમીયમ રૂમ,

સ્વીટ રૂમ, ટ્રક હાઉસ, રોયલ ટેન્ટ, કચ્છી ભૂંગા વગેરે આવેલા છે. ટ્રક હાઉસમાં એ એવોરૂમ બનાવેલો છે કે ટ્રકની પાછળની ટ્રોલીમાં રૂમ બનાવેલ છે. જેની અંદર વિવિધ સુવિધાઓ ઉભી કરવામાં આવી છે. એસી., ટી.વી., વોશ રૂમ, કોફી ટેબલ વગેરે છે.

**રોયલ ટેન્ટ:**

રોયલ ટેન્ટમાં જેસલમેરના જેવા ટેન્ટ આવેલા છે. જેની અંદર વિવિધ સુવિધાઓ ઉભી કરવામાં આવેલ છે. જેવી કે ડ્રેસિંગ રૂમ, પંખા, એલ.સી.ડી. વગેરેનો સમાવેશ થાય છે.

**પ્રવાસનની દૃષ્ટિએ અમરનાથધામ:**

સાબરમતી નદીના કિનારે આવેલ અમરનાથ ધામ એ વિજ્ઞાન, ધર્મ અને મનોરંજનનો સમન્વય ધરાવતું પ્રવાસન કેન્દ્ર છે. આ પ્રવાસન કેન્દ્રમાં વિવિધ દેશો, ભારતના વિવિધ રાજ્યોના તથા ગુજરાતના જુદા-જુદા વિસ્તારમાંથી પ્રવાસમાં પ્રવાસીઓ આવે છે. પ્રવાસીઓને આ સ્થળે મહાદેવના દર્શનની સાથે સાથે ભારતીય સંસ્કૃતિના દર્શન કરાવતા પ્રદર્શનો જોવા મળે છે. તથા બાર જ્યોર્તિલિંગના દર્શન કરવા મળે છે. મનોરંજન માટે અહીં આગળ સ્વપ્ન સૃષ્ટિ વોટર પાર્કમાં વોટર રાઇડ્સ તથા રિસોર્ટ પણ બનાવવામાં આવ્યો છે. રોજ બરોજના જીવનમાં ટેલીવિઝન (ટી.વી.) મનોરંજન પીરસે છે. પરંતુ નાનકડા વેકેશન કે શનિ-રવિ સંલગ્ન રજાઓ દરમિયાન પરિવારો પોતાના રોકાણની નજીક હોય પરંતુ એકદમ વિશિષ્ટ અને વિરલ વાતાવરણ પૂરું પાડતા સ્થળોની શોધમાં રહેતા હોય છે. આવા સંજોગોમાં ગાંધીનગર-અમદાવાદની નજીક સાબરમતી નદીના કિનારે સ્થિત સ્વપ્ન સૃષ્ટિ - અમરનાથ ધામ સંકુલ એક આદર્શ પસંદગી બની રહે છે. શહેરથી ૨૫ થી ૪૦ કી.મીના વિસ્તારમાં સ્થિત હોવાથી અહીં પહોંચવા સરળતા રહે છે. વળી, અહીં પહોચ્યા પછી સંકુલનું આયોજન તેમને તેમના રોજીંદા વાતાવરણથી એક મુક્તિ પૂરી પાડે છે. વધુમાં, અહીનું ધાર્મિક વાતાવરણ તેમજ વોટર-ફન વર્લ્ડ આધુનિક એમ બંને પ્રકારના સ્થળની મુલાકાત પ્રવાસીઓ માટે મહત્વની બની રહે છે.

સામાન્ય રીતે ગુજરાત કર્કવૃત્તીય પ્રદેશમાં આવેલું હોવાથી અહીં વર્ષના મોટાભાગના સમયમાં ગરમીનો પ્રકોપ રહેતો હોય છે. આવા સંજોગોમાં પાણી અને પાણી સંલગ્ન રમતો માટે સામન્ય વ્યક્તિઓ અબાલવૃદ્ધ સૌમાં એક પ્રકારનું આકર્ષણ રહે છે. જે વોટરપાર્ક નિ સંકલ્પનાથી પૂર્ણ થાય છે. અને તેથી જ, આ પ્રકારનું સંકુલ પ્રવાસીઓ માટે એડવેન્ચર (સાહસ) સાથેના મનોરંજનનો એક સ્રોત બની રહે છે.

## સંદર્ભસૂચી

1. વ્યાસ રજની, સ્વાગત ગુજરાત, અક્ષર પ્રકાશન, અમદાવાદ, દ્વિતીય આવૃત્તિ, ૨૦૧૪.

**રૂબરૂ મુલાકાતીઓની યાદી**

1. ઠાકર ચંદ્રકાંતભાઈ, રૂબરૂ મુલાકાત, તા-૨૮/૦૫/૨૦૧૬, અમરનાથ ધામ.
2. શાસ્ત્રી પ્રદીપભાઈ, પુજારી, રૂબરૂ મુલાકાત, તા-૨૮/૦૫/૨૦૧૬, અમરનાથ ધામ.
3. પટેલ દિનેશભાઈ પ્રહલાદભાઈ, રૂબરૂ મુલાકાત તા-૨૮/૦૫/૨૦૧૬,અમરનાથ ધામ.
4. ઉપાધ્યાય મીતાબેન, મેનેજર, રૂબરૂ મુલાકત તા-૨૩/૧૦/૨૦૧૬, સ્વપ્ન સૃષ્ટિ ઇન્ટરનેશનલ કલબ.
5. ઉપાધ્યાય અમિતભાઈ, મેનેજર, રૂબરૂ મુલાકાત, તા-૨૩/૧૦/૨૦૧૬, સ્વપ્ન સૃષ્ટિ ઇન્ટરનેશનલ કલબ.
6. પટેલ શૈલેશભાઈ, મેનેજર, રૂબરૂ મુલાકાત, તા-૨૩/૧૦/૨૦૧૬, સ્વપ્ન સૃષ્ટિ વોટર પાર્ક.
7. અમરનાથ ધામ અને સ્વપ્ન સૃષ્ટિ વોટરપાર્ક સ્થળની રૂબરૂ મુલાકાત, તા-૨૮/૦૫/૨૦૧૬ અને તા-૨૩/૧૦/૨૦૧૬.

**વેબસાઈટ**

1. http://www.gandhinagarportal.com/amarnath-temple/